# સાયકલ શેરીંગ પ્રોજેક્ટ - જી-બાઇક

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગ્લોબલ વોર્મિંગના પડકાર સામે જનસુખાકારી જળવાય અને સામાન્ય માનવીને ગાંધીનગર શહેરમાં એક સ્થળેથી બીજા સ્થળે અનુકુળતાથી પરિવહન કરવામાં સુવિધા રહે તેવા શુભ આશયથી **ટ્રીન.. ટ્રીન.. ગ્રીન.. ગ્રીન... પ્રોજેકટનું (GBIKE)** તા. ૨૧/૩/૨૦૧૬ ના રોજ માન. મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, મંત્રીશ્રી, આરોગ્ય તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ, માર્ગ અને મકાન, પાટનગર યોજના વિભાગના હસ્તે લોકાર્પણ કર્યુ હતું.

સત્તામંડળ દ્વારા પ્રારંભિક ધોરણે ગાંધીનગર શહેરના વધુ અવર જવર ધરાવતા મુખ્યમાર્ગો ઉપર પ્રોજેક્ટ હાથ ધરાયેલ છે. જેમાં મહાત્મા મંદિર સ્વર્ણિમ પાર્ક થી વિધાનસભાના સમાંતર રોડ ઉપર સાયકલ ટ્રેક માર્ગ અને મકાન વિભાગના સહયોગથી તૈયાર કરાયેલ છે. તેમજ આગામી સમયમાં નવા સાયકલ ટ્રેકનું આયોજન હાથ ધરાનાર છે.

સત્તામંડળ દ્વારા જનભાગીદારીથી કુલ ૧૧ સ્થળોએ સાયકલ સ્ટેન્ડ સૂચિત કરાયેલ છે. જેમાં ઇન્ફોસીટી, ઘ-૨, પથિકાશ્રમ, પુનિતવન, સરિતા ઉધાન, ચ- રોડ, ઘ-૪, ઘ-૫, ઘ-૬, શાક માર્કેટ- સેકટર-૨૧ તેમજ અક્ષરધામ મુખ્ય છે. હાલ તુરત સત્તામંડળ દ્વારા ૧૦૦ થી વધુ સાયકલથી પ્રાયોગિક ધોરણે પ્રોજેકટ અમલી કરેલ છે. જેનો વ્યાપ વધતા સાયકલ/ સ્ટેન્ડની સંખ્યામાં વધારો કરવામાં આવશે.

સદર પ્રોજેક્ટ માટે મોબાઇલ એપ તૈયાર કરવામાં આવેલ છે. જેના થકી સાયકલ લેનાર વ્યક્તિ અને સાયકલનું ટ્રેકિંગ કરવામાં આવશે. પ્રથમ ૩ માસ માટે સદર પ્રોજેકટ પ્રથમ ચાર કલાક માટે ફ્રી રાખવામાં આવેલ છે. અને તેનાથી વધુ કલાક માટે નજીવી ફી માત્ર રૂા. ૧૦/- પ્રતિ કલાક રાખવામાં આવેલ છે. ભાડેથી સાયકલ લેનાર વ્યક્તિ સાયકલ કોઇપણ સ્ટેશનથી લઇ અન્ય કોઇપણ સ્ટેશને પરત કરી શકશે. સાયકલ સવારે ૬.૦૦ કલાકેથી રાતના ૧૦.૦૦ કલાક સુધી મેળવી શકાશે. સાયકલને પંચર પડે તેવા કિસ્સામાં કોઇપણ ચાર્જ ચુકવવાનો રહેતો નથી. તેમજ સાયકલ નજીકના સ્ટેન્ડથી બદલી શકાય તે મુજબની વ્યવસ્થા કરાયેલ છે.